## કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના
## સ્વદ્રવ્ય-પરદ્રવ્યના ૧૦ બોલોનો સારાંશ

**સ્વદ્રવ્યની વ્યાખ્યા :** ભગવાન આત્મા, એકલો ત્રિકાળી સ્વભાવ, જ્ઞાન આનંદાદિ અનંત ગુણોનો પિંડ — એને સ્વદ્રવ્ય કહીએ. એ ચૈતન્ય ચમત્કાર વસ્તુ છે. નિર્મળાનંદ પ્રભુ જ્ઞાનરસ-આનંદરસ-શાંતરસનો પિંડ-કંદ પ્રભુ છે.

**પરદ્રવ્યની વ્યાખ્યા :** સ્વદ્રવ્યથી ભિન્ન લોકમાં જે છ દ્રવ્યો છે તે- બીજા અનંત આત્માઓ, અનંતાનંત પુદ્ગલ પરમાણુઓ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશ અને કાળ; નોકર્મ- શરીરાદિ પુદ્ગલ પરમાણુઓનો જથ્થો, દ્રવ્યકર્મ અને ભાવકર્મ અર્થાત શુભાશુભભાવો જેમને પણ પુદ્ગલના પરિણામ કહ્યાં છે. તેથી તારા માટે એ બધા પરદ્રવ્ય છે.

**બોલ નંબરઃ-૧ સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન-ભિન્ન જુઓ :**

જે સ્વદ્રવ્યથી તદ્દન ભિન્ન છે, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પ્રતિષ્ઠિત છે. તેમને એ રીતે જો, એ રીતે જાણ, એ રીતે માન, એવો અનુભવ કર! જુઓ, આ ભેદજ્ઞાનની પરાકાષ્ઠાની વાત છે. એ ભેદજ્ઞાનની પ્રક્રિયા તું શરૂ કર- અનાદિથી પરમાં જે (૧) એકત્વબુદ્ધિ, (૨) મમત્વબુદ્ધિ, (૩) કર્તૃત્વબુદ્ધિ, (૪) ભોક્તાબુદ્ધિ, (૫) સુખબુદ્ધિ માની બેઠો છે, તે મિથ્યાત્વનો અભાવ કરવાનો આ ઉપદેશ છે.

દેહથી ભિન્ન, રાગાદિથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, એક સમયની પર્યાયથી ભિન્ન, ગુણભેદથી ભિન્ન - સમ્યક્‌એકાંતરૂપ, આનંદ કંદ પ્રભુ, અપરિમિત શક્તિઓનો ભંડાર ભગવાન આત્મા- એની દૃષ્ટિ, લક્ષ (નિર્ણય), એકાગ્રતા કરતાં ત્રિકાળીનો અંતરમાં અનુભવ થાય છે. મોક્ષમાર્ગની પ્રથમ સીડી એવા સમ્યગદર્શનને પ્રગટ કરવાની આ સચોટ વિધિ છે.

**બોલ નંબર-૨ : સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ :** જેવી પૂર્ણાનંદ વસ્તુ (સ્વદ્રવ્ય) છે એનું જ્ઞાન કરીને અંદરમાં એની નિર્વિકલ્પ પ્રતીતિ કરનાર સ્વદ્રવ્યનો રક્ષક છે.

**બોલ નંબર-૩ : સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ :** જ્યાં પોતાની સત્તા નથી એવા પુણ્ય-પાપના ભાવોમાં જે અનાદિથી વ્યાપેલો છે, ત્યાંથી ખસીને નિજસ્વરૂપમાં વ્યાપનાર તે સ્વદ્રવ્યનો વ્યાપક છે.



**બોલ નંબર-૪ : સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ :** 'હું આ છું'- એમ સ્વદ્રવ્ય તરફ ઢળનાર, તેને પોતાની જ્ઞાન પર્યાયમાં ધારનાર તે સ્વદ્રવ્યનો ધારક છે.

**બોલ નંબર-૫ : સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ :** પોતાના સ્વભાવને સ્પર્શીને એમાં રમણતા કરનાર સ્વદ્રવ્યનો રમક છે.

**બોલ નંબર-૬ : સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ :** ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્માને ગ્રહણ કરનાર સ્વદ્રવ્યનો ગ્રાહક છે.

**બોલ નંબર-૭ : સ્વદ્રવ્યની રક્ષકતા પર લક્ષ રાખો :** પહેલાં જ્ઞાનમાં અને પછી શ્રધ્ધામાં સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ દો. એમાં એકાગ્રતા કરીને એનો અનુભવ કરો.

**બોલ નંબર-૮ : પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.**

**બોલ નંબર-૯ : પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.**

**બોલ નંબર-૧૦ : પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.**

ઉપરના ત્રણ બોલમાં પરદ્રવ્યથી વિરક્ત થવાનું કહીને મિથ્યાત્વના ત્યાગની વાત કરી છે. પરદ્રવ્યમાં જે સર્વસ્વ મનાઈ રહ્યું છે તેનો ત્યાગ કરવાનો બોધ આપ્યો છે.

**"ત્વરાથી તજો"**

આ બધા બોલમાં "ત્વરા" શબ્દ વાપર્યો છે, તે બહુ અગત્યનો છે. ભાઈ! હવે બહુ મોડું થઈ ગયું છે. અનંત અનંત નરકનિગોદના ભવ કરી અનંત દુઃખો તેં ભોગવ્યાં છે. તેમાં કોઈ મહાન પુણ્યના ઉદયથી અને તારી યોગ્યતાથી આવો મહાદુર્લભ મનુષ્યભવ મળ્યો - આવી વીતરાગની વાણી મળી; તેથી તું ખૂબ જલદી બધાથી નિવૃત્તિ લઈને તારા ઉપયોગને સ્વમાં ભમાવ! ધીરજ અને ધગશથી આ મનુષ્યભવમાં જો એક કાર્ય કરવા જેવું હોય તો આ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જેવી છે. ફરીથી આવો અવસર નહીં આવે. સ્વાનુભૂતિની આ કળા વિકસાવવા જેવી છે.

આમ અહીં પ્રબળ પુરુષાર્થની પ્રેરણા આપી છે.

**- પ્રસ્તુતિ : શ્રી રમણિકભાઈ સાવલા, દેવલાલી**